સત્યમેવ જયતે

ચાર્જશીટ રજૂ થયા તા.૦૪/૦૪/૨૦૧૯

ચાર્જશીટ રજી. થયા તા.૦૪/૦૪/૨૦૧૯

ચુકાદો આપ્યા તા.૩૧/૦૩/૨૦૨૨

કુલ અવધિ :- -માસ, -દિવસ

**તાપી જીલ્લાનાં મહેરબાન ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં,**

**મુ.વ્યારા.**

**ફોજદારી કેસ નંબર-૪૦૦/૨૦૧૯**

**આંક-૦૯**

**ફરીયાદી :-**

૧. શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :-**

૧. સંદિપભાઈ સતિષભાઈ ચૌધરી,
ઉ.વ.૨૨, ધંધો-હેલ્પર,
રહે. ખોડતળાવ નિશાળ ફળીયુ,
તા.વ્યારા ,જિ.તાપી.

..............................................................................................

ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯ મુજબ...

..............................................................................................

ફરીયાદી પક્ષ તરફે વિ.એ.પી.પી. આઈ.કે.વ્હોરા

આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી એમ. એમ. ગામીત

---

**::: <u>જ જ મે ન્ટ</u> :::**

(૧) ફરીયાદી પક્ષના કેસની ટૂંકમા હકિકત એવા પ્રકારની છે કે, આ કામનાં આરોપીએ પોતાના કબજાની મો.સા. નં. જી.જે.૨૬.જે.૨૮૦૮ ની જાહેર રોડ ઉપર આવતા જતા વાહનોને તથા રાહદારીઓને તથા બીજા અન્ય વાહન ચાલકોની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરી ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હાની થયેલી ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) સદરહુ ફરીયાદ મળતા તપાસ કરતા અમલદારે આરોપીની અટક કરી તેમને કોર્ટ રૂબરૂ રજુ કરેલ. કોર્ટ ધ્વારા સદરહુ આરોપીને જામીન મુકત કરવામાં આવેલ અને ત્યારથી આજ દીન સુધી આરોપી જામીન મુકત છે.

(૩) સદરહુ ગુનાની તપાસ દરમ્યાન ત. ક. અમલદારે ગુનાની તપાસ પુર્ણ કરેલ છે. તેમણે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ છે. તેમજ તમામ પુરાવાને સાથે ધ્યાનમાં લેતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો તેમની પાસે ઉપલબ્ધ થતા હાલના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ કલમ ૨૭૯ મુજબ હેઠળ સજાને પાત્ર ગુનાનુ ચાર્જશીટ આ કામમાં રજુ કરેલ છે.

(૪) સદર કામે આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતાં આરોપી હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડયા બાદ આરોપીની આંક–૦૪ થી પોતાની પ્લીમાં ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ છે. તેમજ આરોપીએ તેની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદી પક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ :**

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ બળવંતભાઈ દામાભાઈ ગામીતની સોગંદ પરની જુબાની | ૫ |
| ૨ | પંચ સાહેદ રમેશભાઈ નાયકાભાઈ ગામીતની સોગંદ પરની જુબાની | ૭ |

| | | |
|---|---|---|
| ૩ | ત.ક.અમલદાર ગીરીશભાઈ જયશંકરભાઈ પાઠકની સોગંદ પરની જુબાની | ૮ |

**દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૬ |

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી આઈ.કે.વ્હોરા તથા આરોપી તરફે વિ.વ.શ્રી એમ. એમ. ગામીતની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત પરથી આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::: મુ દ્દા :::**

૧. શું ફરીયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ પોતાના કબજાની મો.સા. નં. જી.જે.૨૬.જે.૨૮૦૮ ની જાહેર રોડ ઉપર આવતા જતા વાહનોને તથા રાહદારીઓને તથા બીજા અન્ય વાહન ચાલકોની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરી ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વેના અત્રેની અદાલતના નિર્ણય નીચે મુજબ છે.

**::: નિ ર્ણ ય :::**

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણય માટેના અત્રેની અદાલતના કારણો નીચે મુજબ છે.

**::: કા ર ણો :::**

**મુદ્દા નં.૧**

આ કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષે જે પુરાવો રજૂ રાખવામાં આવેલ છે તે ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ કોઈ જ પુરાવો પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર આવેલ ન હોય તેથી ફરીયાદી પક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩

અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ જોયા બાદ આ કામના ફરીયાદી પક્ષ તરફથી આરોપી સામેના ગુનાની હકીકત પુરવાર કરવા માટે રજુ કરવામાં આવેલ પુરાવાઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે તે પહેલા જોવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષનાં પુરાવાઓનું અવલોકન તથા પૃથ્થકકરણ કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે આ કામનાં પંચ સાહેદ બળવંતભાઈ દામાભાઈ ગામીતને આંક–૫ તેમજ પંચ સાહેદ રમેશભાઈ નાયકાભાઈ ગામીતને આંક–૭ થી સોગંદ પર તપાસેલા છે. સદર ફરીયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પોતાના કામ અર્થે વ્યારા પો.સ્ટે. ગયેલા તે વખતે ત્યા એક પોલીસવાળાએ એક તૈયાર લખેલા કાગળમા તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તે સીવાય તેઓ બીજુ કંઈ જાણતા નથી. તેઓની હાજરીમા કોઈ લખાણ કરેલ નથી કે કોઈ પંચનામુ કરેલ નથી. તેઓને એક પંચનામુ બતાવામા આવેલ જેમા તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. જે આંક–૦૬ થી કામમા રજુ છે.

આ પંચ સાહેદે પંચનામામાં દર્શાવેલ વિગતો ને સમર્થન કર્તા કોઈ હકીકત જણાવતા નથી. આ પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એ અદાલતની પુર્વ પરવાનગી સહ તેની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા ફરીયાદની હકીકતને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી. ત્યારબાદ ફરીયાદીની આરોપીના વિ.વ. શ્રી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે તેઓ કોઈ જગ્યાએ પંચનામુ કરવા ગયેલ નથી. એ હકીકત સ્વીકારેલ છે કે તૈયાર પંચનામામા સહી કર્યા સીવાય તેઓ કશુ જાણતા નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે ત.ક.અમલદાર ગીરીશભાઈ જયશંકરભાઈ પાઠકને આંક–૮ થી તપાસેલા છે. સદર સાહેદે પોતાનાં મૌખીક પુરાવામાં જણાવેલ છે કે, તા.૧–૨–૨૦૧૯ ના રોજ વ્યારા પો.સ્ટે. મા હાજર હતા ત્યારે એ.એસ.આઈ. કપિલાબેન નરસીંહભાઈનાઓએ વ્યારા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૧૦/૨૦૧૯ ઈ.પી.કો.કલમ–૨૭૯ મુજબનો ગુનો આરોપી સંદિપભાઈ સતિષભાઈ ચૌધરી નાઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા સદર તપાસ તેઓએ સંભાળેલ. બનાવના કામે લાગતા વળગતા પોલીસ સાહેદોના નીવેદનો લીધેલ અને પંચો રૂબરૂ પંચનામુ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતા

પુરાવા પડતા હોય આરોપીને નામ.કોર્ટમા ચાર્જશીટ સાથે રજુ કરેલ. આરોપી કોર્ટમા હાજર છે તેઓને ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ ફરીયાદીની આરોપીના વિ.વ. શ્રી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યા હાઈવે રોડ હોવાથી ત્યા વાહનોની અવર જવર ઘણી રહેતી હોય છે. બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે. બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો અને પંચો મળી આવેલ. તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ફરીયાદી તેઓના સહ કર્મચારી હોય તેની ફરીયાદને સમર્થન આપવા તેઓએ ખોટી જુબાની આપેલ છે.

**(૧૧)** આમ, ફરીયાદીનાં મૌખીક પુરાવાની ઉપરોકત હકીકત જોતા આ કામનાં ફરીયાદીએ પોતાના મૌખીક પુરાવામાં જણાવ્યા મુજબ તેઓ વાહન ચેકીંગમાં હતા ત્યારે આરોપી મો.સા. પુરઝડપે અને બેફીકરાઈથી તેમજ રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે હંકારતા હોઈ જેથી તેઓએ હાલની ફરીયાદ આપેલ. તેમજ ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યાએ હાઈવે રોડ હોવાથી ત્યાં ઘણા વાહનોની અવરજવર રહે છે. તપાસ કરનાર અમલદારે ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓએ હાલના કામમા કોઈ જ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. સદર ગુના અંગે કોઈ જ નજરે જોનાર સાહેદ કે બનાવ વિશે જાત માહીતી ધરાવનાર સાહેદનો પુરાવો આ કામે રજુ થયેલ નથી. કોઈ જ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. કોઈ જ સ્વતંત્ર સાહેદ પુરાવો આપી શકેલ નથી કે હાલના કામે આરોપીએ પોતાના કબજા વાળી મો.સા. પુરઝડપે, બેદરકારીથી અને રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય તેવુ રેકર્ડ પર પુરાવાનાં સ્વરૂપે ફલીત થતુ નથી. તે જ રીતે સદર આરોપીએ જ સદર ગુનામાં સંડોવાયેલુ વાહન બેદરકારીપૂર્વક ચલાવી આ ગુનો કરેલ હોવાની હકીકત પુરાવાનાં માધ્યમથી ફલીત થતી જણાતી નથી. તે જ રીતે સ્વતંત્ર પંચોના મૌખિક પુરાવાથી પણ બનાવને સમર્થન મળેલ નથી અને આંક–૦૬ વાળા પંચનામાને પણ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. આ સંજોગોમાં આરોપી વિરૂધ્ધનો પોતાનો હાલનો આ કેસ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતરપણે નીષ્ફળ જતો હોવાનું જણાઈ આવતુ હોય જેથી આ કામનાં આરોપી તેમનાં પર આક્ષેપીત ગુનાનાં કામે નિર્દોષ છુટવા હકકદાર બનતા હોવાનું આ અદાલતનું માનવાનું થતુ

હોય જેથી મુદ્દા નંબર–૧ નકારાત્મક ઠરાવી આ કામે ન્યાયનાં વિશાળ હીતમાં મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**::: <u>આ ખ રી હુ ક મ</u> :::**

૧). ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આ કામના આરોપી સંદિપભાઈ સતિષભાઈ ચૌધરી, ઉ.વ.૨૨, ધંધો–હેલ્પર, રહે. ખોડતળાવ નિશાળ ફળીયુ, તા.વ્યારા ,જિ.તાપીનાઓને ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨). અપીલ સમય પુર્ણ થયા બાદ આરોપીના જામીન તથા ખત રદ કરવા.

આ હુકમ આજ રોજ તારીખ ૩૧ મી, માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧–૦૩–૨૦૨૨

વ્યારા (તાપી)

**(બદ્રી કમલકુમાર દસોંદી )**

ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વ્યારા.
કોડ નં.જીજે ૦૦૯૨૪